હુમલાના આરોપીઓને પકડી પાડવાની કરાઈ માંગઃ

જામજોધપુરના શેઠવડાળાના વેપારીઓ દ્વારા પાળવામાં આવ્યો રોષપૂર્ણ બંધ

જામનગર તા. ૧૬: જામજોધપુરના શેઠવડાળામાં ગયા મંગળવારે સાંજે વાહન પાર્કિંગ પ્રશ્ને જામજોધપુર તાલુકા પંચાયતના મહિલા પ્રમુખના પતિ પર હુમલો થયો હતો. સામા પક્ષે પણ હુમલાની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં સરપંચ પતિ પર હુમલો કરનાર આરોપીઓને પકડી પાડવાની માગણી સાથે ગઈકાલે શેઠવડાળાના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળી રોષ વ્યકત કર્યો હતો.

જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામના રહેવાસી અને જામજોધપુર તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ જશુબેન અતુલભાઈ રાઠોડ અને તેમના પરિવાર પર ગયા મંગળવારે સાંજે વાહન પાર્કિંગ બાબતે હુમલો થયો હતો.

આ હુમલામાં અતુલ રાઠોડને હાથની આંગળીમાં છરી વાગી ગઈ હતી. બંને પક્ષે હુમલો કર્યાની સામસામી ફરિયાદ નોંધાવી હતી. તે પછી જશુબેન રાઠોડના પરિવાર પર હુમલો કરનાર આરોપીઓની પોલીસ દ્વારા તાત્કાલિક ધરપકડ કરવામાં આવે તેવી માંગ સાથે ગઈકાલે શેઠવડાળા ગામના વેપારીઓએ વેપાર ધંધા બંધ રાખી રોષ વ્યકત કર્યો હતો. શેઠવડાળામાં હાલમાં ભારેલા અગ્નિ જેવી સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે પોલીસે ગામમાં ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે.

સ્કૂટર આડે બાઈક રાખી લૂંટ ચલાવનાર શખ્સને ત્રણ વર્ષની કોર્ટે ફટકારી કેદસજા

જામનગર તા. ૧૬: જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે એક વર્ષ પહેલાં વૃદ્ધના સ્કૂટર આડે બાઈક રાખી દઈ એક શખ્સે ફડાકા ઝીંકી રૂ.૯૦૦ રોકડા ખિસ્સામાંથી કાઢી લેવા ઉપરાંત હાથની આંગળીમાંથી રૂ.૭૦ હજારની વીંટીની લૂંટ ચલાવી હતી. આ કેસ ચાલી જતા અદાલતે આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

આ કિસ્સાની વધુ વિગત મુજબ જામનગરના અંબર સર્કલ તરફથી જુના રેલવે સ્ટેશન તરફ ગઈ તા.૨૦-૯-૨૩ના દિને જઈ રહેલા વસંતભાઈ જયંતિલાલ વોરા નામના વૃદ્ધના સ્કૂટરને એક બાઈક્યાલકે પોતાનું વાહન આડુ ઉભુ રાખી રોકાવ્યું હતું.

તે પછી માથાકૂટ કરી બાઈક્યાલકે ગાળો ભાંડી હતી અને વસંતભાઈના હાથમાંથી રૂ.૭૦ હજારની કિંમતની સોનાની વીંટી કાઢી લઈ ફડાકો ઝીંક્યો હતો અને ખિસ્સામાંથી રૂ.૯૦૦ ઝૂંટવી લીધા હતા. તેની પોલીસમાં ફરિયાદ કરાતા તપાસના અંતે પોલીસે સદામ કાસમ કાચલીયા નામના શખ્સની ધરપકડ કરી હતી.

ઉપરોક્ત કેસ ચાલવા પર આવતા અદાલતમાં સરકાર પક્ષે ૧૭ સાક્ષીના નિવેદન રજૂ કરાવ્યા હતા. બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી સદામ કાસમ કાચલીયાને તક્સીરવાન ઠરાવી ત્રણ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ ત્રણ મહિનાની કેદની સજા આપવામાં આવી છે.

બાકી વેરા વસુલાત નહીં મળતા

જામનગરમાં એક શાળા અને બે કારખાના સીલ કરતી મહાપાલિકા

(તસ્વીરઃ પરેશ ફલિયા)

જામનગર તા. ૧૬: જામનગર મહાનગરપાલિકા દ્વારા કડક વેરા વસુલાત શરૂ કરવામાં આવી છે. આજે બે કારખાના અને એક શાળાને સીલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર ડી.એન. મોદીની સૂચનાથી આસિ. કમિશ્નર (ટેક્સ) જીગ્નેશ નિર્મળની રાહબરી હેઠળ આજે ટેક્સ રીકવરી શાખાની ટીમ બાકી વેરા વસુલાત માટે નીકળી હતી. દરમિયાન દિગ્વિજય પ્લોટ, શેરી નં. ૪૯ માં આવેલ પંચશિલ પ્રાથમિક-માધ્યમિક શાળા પાસેથી રૂ. ૧ લાખ ૬૮ હજારની બાકી વેરા વસુલાત નહીં મળતા સ્કૂલને સીલ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ઉદ્યોગનગર વિસ્તારના બે કારખાનાને પણ બાકી વેરા વસુલાત અન્વયે બન્ને કારખાનાને સીલ કરવામાં આવ્યા હતાં. જ્યારે એક આસામીએ સ્થળ ઉપર વેરાની રકમ ભરપાઈ કરી હતી.

ચિરવિદાય

જામનગર નિવાસી મૂળ ગામ સાંધણ (કચ્છ) સ્વ. મહિપતસિંહ દેવાજી જાડેજાના પુત્ર પ્રફુલ્લસિંહ (ઉ.વ. ૪૬), તે દક્ષાબાના પતિ તથા સિધ્ધરાજસિંહના પિતા તથા દિલીપસિંહના નાનાભાઈનું તા. ૧૪-૧૧-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૧૬-૧૧-૨૦૨૪ ના તેમના નિવાસસ્થાન, પ્રફુલ્લસિંહ દેવાજી જાડેજા, પટેલ કોલોની શેરી નં. ૬ ના છેડે, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગરઃ સ્વ. શરદભાઈ ભાઈશંકર રાવલના પત્ની કુસુમબેન, તે ડો. સચિનભાઈ, શૈલેષભાઈ, સંતોષભાઈ, સંધ્યાબેન દવેના માતાનું તા. ૧૬-૧૧-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૧૮-૧૧-૨૦૨૪ ના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે જોડેશ્વર મહાદેવ મંદિર, પટેલ કોલોની શેરી નં. ૬, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી ગુર્જર પુષ્કરણા બ્રાહ્મણ સ્વ. છોટાલાલ કલ્યાણજી ભટ્ટના પુત્ર મહેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ. ૮૨), તે દિપકભાઈ ભટ્ટ, મધુબેન વિનોદરાય જોશીના મોટાભાઈ તથા શુભાષભાઈ, મનીષભાઈ, કેતનભાઈ ભટ્ટ, રીટાબેન અશોકભાઈ પંડ્યાના પિતા તથા પાર્થ, ધૈર્યના દાદાનું તા. ૧૬-૧૧-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૧૮-૧૧-૨૦૨૪, સોમવારના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે કાશીવિશ્વનાથ મંદિરે, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

શ્વાસ રૂંધાવાથી માતા-પિતાની ગંભીર ઈજા

ઘરમાં રાખેલી ઉંદર મારવાની દવા હવામાં ભળતા બે બાળકના મોત

ચેન્નાઈ તા. ૧૬: ચેન્નાઈમાં એક પરિવારે ઘરમાં ઉંદર મારવાની દવા રાખેલી હોવાથી તેનું ઝેર હવામાં ભળી જતા બે બાળકના મોત થયા છે જ્યારે માતા-પિતાની હાલત ખૂબ ગંભીર હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તામિલનાડુમાંથી એક ચોંકાવનારી અને ચેતવનારી ઘટના સામે આવી છે જેને સાંભળ્યા પછી સૌ કોઈ હચમચી ઉઠ્યા છે. ઉંદરોને મારવાની દવા ઘરમાં રાખવાના ફેલાયેલા ઝેરને કારણે આ ગમખ્વાર ઘટના બની છે. જેમાં શ્વાસ રૂંધાવાના કારણે બે બાળકના મોત થયા છે. જ્યારે તેમના માતા-પિતાની હાલત ખૂબ ગંભીર હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે ચેન્નાઈના મનનજેરી વિસ્તારના દેવેન્દ્ર નગરના ૩૪ વર્ષીય ગિરીધરન અને તેમની પત્ની પવિત્રા એક એપાર્ટમેન્ટમાં રહે છે. ગિરિધરન એક ખાનગી બેંકમાં નોકરી કરે છે. બુધવારે સવારે ગિરિધરન તેમની પત્ની અને બંને બાળકોને ચક્કર આવવા લાગ્યા અને પછી ઉલટી થવા લાગી. જ્યારે પાડોશીને આ વાતની જાણ થઈ તો તેઓએ આખા પરિવારને હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં.

આ સમય દરમિયાન ગિરિધરનના એક વર્ષના પુત્ર સાઈ સુદર્શન અને ૬ વર્ષની પુત્રી વિશાલિનીનું મૃત્યુ થયું હતું. જ્યારે ગિરિધરન અને તેની પત્ની પવિત્રાની હાલત હજુ પણ ગંભીર છે.

ડોકટરનું કહેવું છે કે બંનેના સ્વાસ્થ્ય પર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ કુન્દ્રાથુર પોલીસને કરવામાં આવી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું કે ગિરિધરનનો આખો પરિવાર ઘરમાં ઉંદરોથી પરેશાન હતો. ઉંદરો ઘરની વસ્તુઓને નુકસાન પહોંચાડી રહ્યા હતાં. તેથી તેમણે ઉંદરથી છૂટકારો મેળવવા માટે પેસ્ટ કંટ્રોલ કંપનીની મદદ લીધી હતી. કંપનીમાંથી બે લોકો આવ્યા હતાં અને ઉંદર મારવાનો પાવડર રાખ્યો હતો. આ પાવડર સ્વરૂપે હવામાં ભળી ગયો હતો.

ગિરિધરનનો આખો પરિવાર એસી રૂમમાં સૂતો હતો. રાત્રે ઝેરની અસર થઈ અને આખો પરિવાર ગંભીર રીતે બીમાર થઈ ગયો. જ્યારે પરિવાર જાગ્યો ત્યારે દરેકને ચક્કર આવવાની ફરિયાદ કરી અને થોડીવાર બાદ દરેક સભ્યને ઉલટી થવા લાગી હતી. જ્યારે પાડોશીઓને આ વાતની જાણ થઈ તો તેઓએ તરત જ બધાને હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં. કુન્દ્રાથુર પોલીસનું કહેવું છે કે આ મામલે પેસ્ટ કંટ્રોલ કંપની વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે અને આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અડધા ડીગ્રીના ઘટાડા સાથે

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૮.૫ ડીગ્રી

જામનગર તા. ૧૬: જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૮.૫ ડીગ્રી નોંધાયું હતું. જેના પગલે ગુલાબી ઠંડીમાં વધારો થયો હતો.

જામનગરમાં ઠંડી અને ગરમીભરી મિશ્ર ઋતુના દોર વચ્ચે હવે ધીમે-ધીમે ગુલાબી ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. રાત્રે તથા વહેલી સવારે વધારે ઠંડી અનુભવાઈ રહી છે. છેલ્લા ચોવીસ કલાકમાં અડધા ડીગ્રીના ઘટાડા સાથે ન્યુનત્તમ તાપમાન ૧૮.૫ ડીગ્રી નોંધાયું હતું. જેના પગલે ઠંડીમાં પણ આંશિક વધારો થયો હતો.

નગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન અડધો ડીગ્રી વધીને મહત્તમ તાપમાન ૩૩.૫ ડીગ્રી નોંધાયું હતું. જેના પગલે બપોરે ગરમીમાં પણ આંશિક વધારો થયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિ કલાકની સરેરાશ ૧૦ થી ૧૨ કિ.મી.ની રહેવા પામી હતી.

પ્રામાણિકતા

ખંભાળિયા તા. ૧૬: ખંભાળિયા ન.પા.ના સદસ્યના પતિ કિશોરભાઈ નકુમને રસ્તા પરથી એક લેડીઝ પર્સ મળ્યું હતું. જેમાં મોટી રોકડ રકમ તથા અગત્યના કાગળો હતાં. તેમાં હિરેનભાઈ પાઠકના આધાર કાર્ડ પરથી તેમણે મૂળ માલિકને પર્સ સુપરત કરીને પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાજ્ય સરકાર તથા રેડક્રોસ સોસાયટી દ્વારા

દ્વારકા જિલ્લા મીડિયા મેનો માટે ૨૨-નવેમ્બરે હેલ્થ ચેકઅપ કેમ્પ

ખંભાળીયા તા. ૧૬: દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીડિયાના મિત્રો કે જે સમાજના પ્રહરી તરીકે સતત કામ કરતા હોય, તેમના સ્વાસ્થ્યની ચિંતાના ભાગરૂપે રાજ્ય સરકાર તથા ઈન્ડિયન રેડક્રોસ સંસ્થા દ્વારા તા. ૨૨-૧૧-૨૦૨૪ ના વિનામુલ્યે હેલ્થ ચેકઅપનો કાર્યક્રમ રાખેલો છે, જે માટેનું રજીસ્ટ્રેશન ફોર્મ દ્વારકા જિલ્લાના ઈન્ફો ગ્રુપમાં મૂકાયું હોય, ભરીને સહયોગ આપવા સહાયક માહિતી નિયામક પરિમલ પટેલે જણાવ્યું છે.

ધ્યાન ચુકાતા ફોન ઉપડી ગયોઃ

જી.જી. હોસ્પિટલની દવાબારી પાસેથી મોબાઈલની થઈ ચોરી

જામનગર તા. ૧૬: જામનગરની જી.જી. હોસ્પિટલ સ્થિત દવાબારીએ આવેલા ભાણવડના એક આસામીનો રૂ.૧૫ હજારની કિંમતનો મોબાઈલ કોઈ શખ્સ સેરવી જતા પોલીસમાં રાવ કરાઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ શહેરમાં રામેશ્વર પ્લોટમાં રહેતા અજયભાઈ મનસુખભાઈ બલવા નામના યુવક ગયા રવિવારે જામનગરની જી.જી. હોસ્પિટલમાં આવ્યા હતા.

તેઓ જ્યારે ગ્રાઉન્ડ ફ્લોરમાં દવાબારી પાસે હતા ત્યારે તેમનો વીવો કંપનીનો રૂ.૧૫ હજારની કિંમતનો મોબાઈલ કોઈ શખ્સ સેરવી ગયો હતો. અજયભાઈએ બી ડિવિઝનમાં ફરિયાદ કરી છે.

આપની આવતીકાલ

જ્યોતિષીઃ ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯૯ ૬૦૮૮

મેષ (અ-લ-ઈ) — આપ ઠરો-ઠરો-કામકાજ કરો, પરંતુ આપના હૃદય-મનને શાંતિ જણાય નહીં. જમીન-મકાનના કામમાં સંભાળવું. શુભ રંગઃ બ્લુ શુભ અંકઃ ૨-૬

વૃષભ (બ-વ-ઉ) — આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતના આધારે કામનો ઉકેલ લાવી શકો. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. શુભ રંગઃ વાઈન શુભ અંકઃ ૪-૮

મિથુન (ક-છ-ઘ) — આપના કામમાં ઠરિફવર્ગ-ઈર્ષા કરનાર વર્ગ મુશ્કેલી ઊભી કરવાના પ્રયાસ કરે. આકસ્મિક ખર્ચ-ખરીદી જણાય. શુભ રંગઃ મરૂન શુભ અંકઃ ૫-૭

કર્ક (ડ-હ) — આપના કાર્યની સાથે જાહેરક્ષેત્ર તેમજ સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. કામનો ઉકેલ આવતા રાહત રહે. શુભ રંગઃ સફેદ શુભ અંકઃ ૨-૯

સિંહ (મ-ટ) — આપને દિવસના પ્રારંભથી જ સુસ્તી-બેચેની જેવું લાગ્યા કરે. કામ કરવાની ઈચ્છા થાય નહીં. ખર્ચ જણાય. શુભ રંગઃ ગુલાબી શુભ અંકઃ ૬-૧

કન્યા (પ-ઠ-ણ) — દેશ-પરદેશ તથા આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. અગત્યના કામ અંગે મુલાકાત થાય. શુભ રંગઃ લાલ શુભ અંકઃ ૨-૭

તુલા (ર-ત) — આપના કાર્યની સાથે ઘર-પરિવાર, સગા-સંબંધી, મિત્રવર્ગના કામકાજ અંગે દોડધામ-વ્યસ્તતા જણાય. શુભ રંગઃ લીલો શુભ અંકઃ ૮-૪

વૃશ્ચિક (ન-ય) — સીઝનલ ધંધામાં આપને લાભ-ફાયદો મળી રહે. આપના કાર્યમાં સંતાનનો સહકાર મળી રહેતા આનંદ જણાય. શુભ રંગઃ મેંદી શુભ અંકઃ ૬-૩

ધન (ભ-ધ-ફ-ઢ) — નાણાકીય રોકાણ-વ્યવહારના કામકાજમાં સાવધાની રાખવી પડે. સાસરીપક્ષના પ્રશ્ને ચિંતા જણાય. શુભ રંગઃ મોરપીંછ શુભ અંકઃ ૨-૫

મકર (ખ-જ) — આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી રાહત રહે. રાજકીય-સરકારી કામમાં સાનુકૂળતા રહે. શુભ રંગઃ જાંબલી શુભ અંકઃ ૧-૪

કુંભ (ગ-શ-ષ-સ) — આપના કામમાં સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવવાથી આવક જણાય. લાભ થાય. શુભ રંગઃ પીળો શુભ અંકઃ ૨-૮

મીન (દ-ચ-ઝ-થ) — આપના કામમાં ઉપરીવર્ગ-સહકાર્યકર, તથા નોકર-ચાકરવર્ગનો સહકાર મળે. આડોશ-પાડોશના કામમાં વ્યસ્તતા રહે. શુભ રંગઃ કેસરી શુભ અંકઃ ૫-૯

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૭-૦૦ સૂર્યાસ્ત : ૬-૦૩

દિવસના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીયા
(૧) શુભ (૨) અમૃત (૩) ચલ (૪) રોગ (૫) કાળ (૬) લાભ (૭) ઉદ્વેગ (૮) શુભ

વિક્રમ સંવત: ૨૦૮૧, શકવત ૧૯૮૨: તા. ૧૬-૧૧-૨૦૨૪, રવિવાર
જૈન સંવત: ૨૫૫૧, તારિખ: ૧૯૪૧, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૫, મુસ્લિમ રોજ: ૧૪, નક્ષત્ર: રોહિણી, યોગ: સિદ્ધ, કરણ: તૈતિલ

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૭ - નવેમ્બરના દિવસે

આ સમયમાં નોકરી-ધંધા-વ્યવસાયમાં નવા કોઈ જોખમો કરવા નહીં. સંયુક્ત ધંધામાં ગેરસમજ-મનદુઃખથી સંભાળવું પડે. આરોગ્યની બાબતમાં જૂની બીમારીમાં, વારસાગત બીમારીમાં આપે બેદરકારી રાખવી નહીં. વિદ્યાર્થી વર્ગે વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહીં. વર્ષના પ્રારંભથી જ અભ્યાસની તૈયારી શરૂ કરી દેવી. સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે કામકાજમાં વ્યસ્તતા જણાય.

બાળકની રાશિઃ વૃષભ ૨૮.૩૩ સુધી પછી મિથુન

ગઈકાલે એનસીબીને મળી મોટી સફળતા

દિલ્હીના નાંગલોઈ-જનકપુરીમાંથી ઝડપાયું રૂપિયા ૯૦૦ કરોડનું ૮૨ કિલો કોકેઈન

નવી દિલ્હી તા. ૧૬: નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ શુક્રવારે દિલ્હીમાં ૮૦ કિલોથી વધુ કોકેઈન જપ્ત કર્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૯૦૦ કરોડ રૂપિયા છે.

આ પહેલા પણ દિલ્હીમાંથી નશીલા પદાર્થોનો જંગી જથ્થો મળ્યો હતો

એનસીબી એ પશ્ચિમ દિલ્હીના નાંગલોઈ અને જનકપુરી વિસ્તારમાંથી ૮૨ કિલો જેટલું કોકેઈન જપ્ત કર્યું છે. આ કન્સાઈનમેન્ટ એક કુરિયર ઓફિસમાંથી જપ્ત કરવામાં આવ્યું હતું, જે ઓસ્ટ્રેલિયા મોકલવાનું હતું. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને સોનીપતના રહેવાસી છે. માલસામાનને 'બોટમ-ટુ-ટોપ અભિગમ' દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને ડ્રગ્સ સામેની ઝુંબેશ ચાલુ રહેશે. આ મોટી સફળતાની પ્રશંસા થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા કોકેઈનની કિંમત અંદાજે ૯૦૦ કરોડ રૂપિયા છે. વિદેશી નેટવર્ક સાથે ડ્રગ સિન્ડિકેટનું કનેક્શન બહાર આવ્યું છે.

આ પહેલીવાર નથી જ્યારે દિલ્હીમાં ડ્રગ્સને આટલો મોટો કન્સાઈનમેન્ટ પકડાયો હોય, ૨ ઓક્ટોબરના દક્ષિણ દિલ્હીના મહિપાલપુરમાં એક વેરહાઉસમાંથી ૫૬૦ કિલો કોકેઈન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તેની કિંમત આશરે રૂ. ૫,૬૨૦ કરોડ આંકવામાં આવી હતી. આ કેસમાં કથિત માસ્ટરમાઈન્ડ તુષાર ગોયલની ધરપકડ કરવામાં આવી હતી, જે દિલ્હી કોંગ્રેસના આરટીઆઈ સેલના અધ્યક્ષ હતાં.

ભાણવડના સ્મશાનમાં ચાર વોટર શેડ બનાવવા રૂ. ૨૯ લાખની ગ્રાન્ટ મંજુર

ભાણવડ તા. ૧૬: ભાણવડના સ્મશાનમાં ચાર આરસીસી વોટર શેડ બનાવવા માટે રૂ. ૨૯ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે અને તે અંગેના ટેન્ડર પણ બહાર પડી ગયા છે.

ભાણવડના સ્થાનિક ભાજપ સંગઠનના ઉપપ્રમુખ પ્રિયેશભાઈ અનડકટ, પૂર્વ નગરપાલિકા સભ્ય નિરવભાઈ રાજાણીએ રાજ્યના કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાને કરેલી રજુઆતને સફળતા મળી છે.

ભાણવડથી ચાર કિમી દૂર આવેલ ઐતિહાસિક ત્રિવેણી સંગમના ઘાટ પાસે સ્મશાન આવેલું છે જ્યાં અગ્નિ સંસ્કાર માટે લોખંડના ખાટલા ખૂલ્લા મેદાનમાં રહ્યા હતાં. ખાસ કરીને ચોમાસામાં લોકોને ખૂબ જ મુશ્કેલી પડતી હતી.

આ સ્મશાનનો ઉપયોગ ભાણવડ તથા આસપાસના ગામના લોકો પણ કરે છે પરંતુ ખાટલા ખૂલ્લામાં હોવાથી અગવડતા પડતી હતી.

સ્મશાનમાં ખાટલા ઉપર આરસીસીના વોટર શેડ બનાવવા રજુઆત કરવામાં આવી હતી. હવે ટૂંક સમયમાં આ ઉપયોગી સુવિધા ઉપલબ્ધ થશે.

મુખ્ય લાઈનનું લીકેજ કામ કરવાનું હોવાથી

જામનગરમાં ગુલાબનગરના 'બી' ઝોનમાં આવતીકાલે પાણી વિતરણ બંધ રહેશે

જામનગર તા. ૧૬: જામનગરના ગુલાબનગર ઈએસઆરના 'બી' ઝોન વિસ્તારમાં આવતીકાલે પાણી વિતરણ બંધ રાખવામાં આવનાર છે.

જામનગરના ગુલાબનગર ઈએસઆરની મુખ્ય લાઈનનું લીકેજ રીપેરીંગ કામ કરવાનું હોવાથી અને પમ્પીંગ મશીનરીનું મેઈન્ટનન્સ કામ કરવા માટેની કામગીરી કરવામાં આવનાર છે. આથી ગુલાબનગર ઝોન 'બી' હેઠળના વિસ્તારમાં તા. ૧૭ ના પાણી વિતરણ બંધ રાખવામાં આવનાર છે.

ભીમવાસ, નાગેશ્વર, સ્વામિનારાયણનગર, વિક્ટોરિયા પુલની આજુબાજુનો વિસ્તાર, રાજપાર્ક, રવિપાર્ક, રંગમતિ પાર્ક, રાધાકૃષ્ણ પાર્ક, આદિત્ય પાર્ક, લાલવાડી વિસ્તાર, માણેનગર, શાંતિવન સોસાયટી, ઉમિયાનગર, હાપા વિસ્તાર, કિષ્ના પાર્ક, શિવશક્તિ સોસાયટી વગેરે વિસ્તારોમાં આવતીકાલે પાણી વિતરણ બંધ રાખવામાં આવનાર છે.

આ વિસ્તારમાં બીજા દિવસે પ્રથમ 'બી' ઝોન અને એ પછીના દિવસે 'એ' ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે. તેમ જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાના કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવાયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડીડીઓની નિયુક્તિમાં ફેરફાર

ખંભાળિયા તા. ૧૬: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડીડીઓ તરીકે આનંદુ સુરેશની નિમણૂક થઈ હતી, પણ તેઓ ફરજ પર હાજર થાય તે પહેલા જ તેમનો હુકમ રદ્દ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડીડીઓ તરીકે સિનિયર આઈએએસ એ.બી. પાંડોરને નિયુક્ત કરાયા છે.

અર્ક — પ્રમાણિકતાને પૂરાવાની જરૂર નથી હોતી, સમય જ બધું પૂરવાર કરી આપે છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

સિક્કાની બીજી બાજુ એવી છે કે, જ્યારે આગ-અકસ્માતોના કારણોમાંથી બિનજરૂરી રીતે જવાબદારીમાંથી છટકવા કે ભૂતકાળની ભૂલો છાવરવા માટે તંત્રો વધારે પડતા અંકુશો સતત ચાલુ રાખે કે પછી આ બહાને પણ વધુ મલાઈ તારવી લેવાની રીત-રસમો અપનાવાય, ત્યારે સામાન્ય જનતાને અલગ જ પ્રકારની મુંઝવણ ઊભી થતી હોય છે. જ્યારથી રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં અગ્નિકાંડ થયો છે, ત્યારથી સૌરાષ્ટ્રમાં ફાયર સેફ્ટીના સર્ટિફીકેટો સમયસર નહીં આપવાના ઘણાં મહિનાઓથી રહેણાંક મકાનોમાં પોતે જ ખરીદેલા પોતાના મકાનમાં લોકો રહેવા જઈ શકતા નથી, અને સંપૂર્ણપણે તૈયાર થઈ ગયેલા ટેનામેન્ટ-ફ્લેટો ખાલી પડ્યા રહે છે, તેથી એક અલગ જ સમસ્યા ઊભી થઈ ગઈ છે, તેથી તંત્રોએ ઉભય પક્ષોની ચિંતા કરીને "બેલેન્સ" (સમતુલન) જાળવવું જોઈએ, તેમ કોઈ સમસ્યા ઊભી થાય, કે આગ, અકસ્માત, દુર્ઘટના સર્જાય તો તેના સંદર્ભે વિશેષ કાળજી રાખવાના બદલે તે સુવિધા જ અટકાવી દેવી કે પ્રક્રિયા બંધ કરી દેવી, એ દાઝ્યા પર ડામ જેવું ગણાય, ટ્રેનનો અકસ્માત થાય તો રાહત-બચાવ કાર્ય પછી ત્યાં રેલવે વ્યવહાર તત્કાળ પુનઃ શરૂ કરી દેવાના બદલે ત્યાં ટ્રેન વ્યવહાર જ લાંબા સમય સુધી બંધ કરી દેવામાં આવે તો શું થાય...? કોઈ ફેક્ટરીમાં આગ લાગે તો રાહત-બચાવ-મરામત પછી તે ફેક્ટરી તત્કાળ પુનઃ શરૂ થાય, અથવા ચાલુ ફેક્ટરીને વિપરીત અસર ન થાય, તે માટે જે રીતે કાળજી રાખવામાં આવે છે, તેવી જ રીતે અગ્નિકાંડો સર્જાયા પછી વધુ ચોકસાઈ રાખીને અને તત્કાળ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરીને પણ નિર્માણ થઈ ગયેલી ઈમારતોને ફાયર સેફ્ટીની એનઓસી આપી દેવી જોઈએ, અને પૂરેપૂરી ચકાસણી પણ કરી લેવી જોઈએ. ફાયર સેફ્ટીના ચેકીંગના બહાને મહિનાઓ સુધી કમ્પ્લીશન સર્ટિફિકેટો ન અપાય, કે ફાયર એનઓસી ન અપાય, તો માંડ-માંડ પોતાનું ઘર વસાવવાનું સપનું જોનારા લોકોની હાલત કફોડી થઈ જતી હોય છે, તેનો પણ તંત્રો અને શાસકોએ વિચાર કરવો જોઈએ, અને સુકા ભેગુ લીલુ ન બળી જાય, તેની કાળજી રાખવી જોઈએ, ખરૂં ને...?

ફાયર સેફ્ટી અત્યંત જરૂરી છે, તેમાં ગોલમાલ ચાલે જ નહીં, અને ફાયર સેફ્ટીના પ્રામાણિકરણની પ્રક્રિયા પણ ઝડપથી બનવી જ જોઈએ, ખરૂં ને...?

શબ્દવ્યૂહ ૯૦૧૪

આડી ચાવી
૧. રાશિચક્રનું દસમું નક્ષત્ર (૨
૨. સુરક્ષિતતા ----------(૪
૫. પ્રવચન, સ્પષ્ટિકરણ----(૪
૭. ખામી, દોષ ----------(૨
૯. ભગવાન વિષ્ણુ -------(૩
૧૦. સમાજ, વિશિષ્ટ જનસમૂહ ----------(૨
૧૨. વડીલો માટે માનાર્થે વપરાતો શબ્દ --------(૧
૧૪. સદા, હંમેશા ---------(૩
૧૬. પૈસા સંબંધી ---------(૪
૧૭. વિદેશ ----------(૩
૧૯. ગરોળીના વર્ગનું એક ઝેરી પ્રાણી ----------(૧
૨૦. પદવી આપવાનો વિધિ--(૫

ઊભી ચાવી
૧. મનનો ભાવ, લાગ -----(૫
૨. ભાઈબંધ, દોસ્તાર -----(૨
૩. વિચારવા કે મનન કરવા યોગ્ય ----------(૨
૪. બાજુ, પક્ષ ----------(૪
૬. .....ઉરામ ઠે ------(૩
૮. સમ, સોગંધ, શપથ ----(૩
૧૧. નિગ્રહ, પકડી રાખવું તે (૩
૧૩. સંભવ, શક્યતા -------(૨
૧૫. વિદેશ ----------(૩
૧૮. નાણું, દોલત ---------(૨

આડી ચાવી: (૧) નોબત (૪) બાપ (૬) સમિયાણો (૮) ભા (૯) પ્રભુ (૧૦) ભંગ (૧૧) ખડ (૧૨) ભાભી (૧૩) જ (૧૪) કદી (૧૫) ઘી (૧૭) ઘો (૧૯) જંગલ (૨૧) કિશોરી (૨૩) માહિતી

ઉકેલ કોયડા નં. ૯૦૧૩

ઊભી ચાવી: (૨) બદી (૩) વ્યાયામ (૫) પરોણાગત (૭) ઝંડો (૧૪) કદ (૧૬) પ્રાંગણ (૧૮) ચોરી (૨૨) શોધ